# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચેન્નાઈમાં મેટ્રો સેવા સહિતના 13 હજાર કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનુ લોકાર્પણ કરશે.

2) વિદેશમંત્રી એસ. જયશંકરે આદિસ અબાબામાં, આફ્રિકામાં ભારતના મિશન વડાઓના સંમેલનની અધ્યક્ષતા કરી.

3) સાઉદી અરેબિયામાં, રિયાધના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર થયેલા હુમલામાં 12 લોકોના મોત.

4) શક્તિની આરાધનના પર્વ નવરાત્રીનો આજથી આરંભ - ગુજરાતમાં સલામતીની લોખંડી વ્યવસ્થા વચ્ચે 22 હજારથી વધુ સ્થળોએ ગરબાનું આયોજન.

5) ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે ઇન્દોરમાં ત્રીજી ટી-20 મેચ રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-CHENNAI-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચેન્નાઈમાં આશરે 13 હજાર કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ.......

## VC: JOY FARHAT

*(प्रधानमंत्री श्री नरेंद्र मोदी सड़क, विकास, बंदरगाहों और विज्ञान क्षेत्र में नवाचार से जुड़ी कई बुनियादी ढांचा परियोजनाओं का शुभारंभ करेंगे। प्रधानमंत्री चेन्नई पेट्रोलियम कॉर्पोरेशन लिमिटेड की मनाली रिफाइनरी में 'यूव' (UV) ऑइल बेस स्टॉक्स परियोजना की आधारशिला रखेंगे। प्रधानमंत्री आईआईटी मद्रास में 'सुधा गोपालकृष्णन ब्रेन सेंटर' को राष्ट्र को समर्पित करेंगे। प्रधानमंत्री चेन्नई के 'जयगोपाल गरोड़िया हिंदू विद्यालय स्कूल' के स्वर्ण जयंती समारोह में शामिल होंगे। प्रधानमंत्री पूरूर झील के निकट स्थित जल्कंढेश्वर मंदिर में दर्शन और पूजा-अर्चना करेंगे।*

# JAISHANKAR-AFRICA

વિદેશ મંત્રી એસ. જયશંકરે ગઈકાલે આદિસ અબાબામાં આફ્રિકામાં ભારતના મિશન વડાઓના સંમેલનની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે બોલતા, તેમણે કહ્યું કે ભારત અને આફ્રિકા ગ્લોબલ સાઉથ એકતા, વ્યૂહાત્મક સ્વાયત્તતા, બહુધ્રુવીયતા અને સહિયારી વિકાસ આકાંક્ષાઓ પર આધારિત ગાઢ સંબંધો ધરાવે છે.

ઇથોપિયાની રાજધાનીમાં ડૉ. જયશંકરે ભારત-આફ્રિકા સહભાગિતા માટે પોતાનું વિઝન રજૂ કર્યાના એક દિવસ પછી આ પરિષદ યોજાઈ હતી. શુક્રવારે ભારત-આફ્રિકા ભાગીદારી પર બોલતા, તેમણે કહ્યું કે ભવિષ્યની ભાગીદારી ક્ષમતા નિર્માણમાં મદદ કરશે. તેમણે આફ્રિકા માટે યોગ્ય પ્રતિનિધિત્વ સાથે યુએન સુરક્ષા પરિષદમાં સુધારા માટે હાકલ કરી હતી.

# PM-DHAN--DHAANYA-KRISHI-YOJANA

પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજનાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. ગયા વર્ષે આજના દિવસે શરૂ કરાયેલી આ યોજનાનો હેતુ દેશભરના 100 મહત્વાકાંક્ષી કૃષિ જિલ્લાઓમાં કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવાનો છે.

સાંભળીએ એક અહેવાલ........

## VC: SAKLEN

*इस योजना का उद्देश्य कृषि उत्पादकता, सिंचाई सुविधाओं, ऋण की उपलब्धता और फसल कटाई के बाद की आधारभूत संरचना में सुधार करना है। प्रधानमंत्री धन-धान्य कृषि योजना के क्रियान्वयन के लिए जिला, राज्य और राष्ट्रीय स्तर पर तीन स्तरीय व्यवस्थाएं बनाई गई हैं। स्थानीय कृषि आवश्यकताओं के अनुरूप जिला कार्य योजनाएं तैयार की जाती हैं। केंद्रीय योजनाओं के अंतर्गत 121 संकेतकों के माध्यम से प्रगति की निगरानी की जाती है।*

# DELHI METRO

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનએ જાહેરાત કરી કે, સુરક્ષા કારણોસર બંધ કરાયેલા તમામ 45 મેટ્રો સ્ટેશનો હવે ફરીથી શરૂ કરવામાં આવ્યા છે.

DMRCએ એમ પણ જણાવ્યું હતું કે, તમામ સંબંધિત મેટ્રો સ્ટેશનો પર ઇન્ટરચેન્જ સુવિધાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. નોંધનીય છે કે દિલ્હી મેટ્રોએ સુરક્ષા કારણોસર ગઈકાલે રાત્રે 10 વાગ્યા સુધી 45 મેટ્રો સ્ટેશનો બંધ રાખ્યા હતા.

દરમિયાન ઉત્તર રેલવેએ જાહેરાત કરી છે કે આજે બધી ટ્રેનો તેમના નિર્ધારિત સમયપત્રક મુજબ દોડશે. રેલવે દ્વારા ગઈકાલે સવારે 4થી બપોરે 2 વાગ્યા દરમિયાન નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશનો પર જતી મેલ અને એક્સપ્રેસ ટ્રેનો રદ કરવાનો નિર્ણય કરાયો હતો.

# MEA-OHCHR

ભારતે જણાવ્યું કે, ગઈકાલે દિલ્હીમાં બનેલી ઘટનાઓ અંગે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર ઉચ્ચાયુક્ત (OHCHR) ના કાર્યાલયની ચિંતાઓ પાયાવિહોણી છે અને દેશના આંતરિક બાબતોમાં બિનજરૂરી દખલગીરી છે.

જીનીવામાં ભારતીય મિશન દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, OHCHR એ, પક્ષપાત વિના અન્ય દેશોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો પર પણ ધ્યાન આપવું જોઈએ,

નિવેદનમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે ભારત વિશ્વનું સૌથી મોટી લોકશાહી છે, જ્યાં શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર બંધારણ દ્વારા આપવામાં આવ્યો છે અને મજબૂત સંસ્થાઓ, સ્વતંત્ર ન્યાયતંત્ર અને મુક્ત મીડિયા દ્વારા સુરક્ષિત છે. દરેક લોકશાહીની જેમ, ભારતીય નાગરિકો જાહેર વ્યવસ્થાના હિતમાં વાજબી પ્રતિબંધોને આધીન આ અધિકારનો ઉપયોગ કરે છે.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અધિકારીઓ કાયદા અનુસાર કાર્ય કરે છે અને કોઈપણ ફરિયાદના નિવારણ માટે અદાલતો બધા માટે ઉપલબ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SAUDI AIRPORT ATTACK

સાઉદી અરેબિયામાં, રિયાધના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર થયેલા હુમલામાં 12 લોકો માર્યા ગયા છે અને 300 થી વધુ લોકો ઘાયલ થયા છે. ગઈકાલે એક સ્થાનિક ફ્લાઇટ ટર્મિનલ સંકુલમાં થયેલા આ હુમલામાં ચાર સાઉદી નાગરિકો, બે બાંગ્લાદેશી નાગરિકો અને અમેરિકા, ઇજિપ્ત, જોર્ડન, સીરિયા, સુદાન અને પેલેસ્ટાઇનના એક-એક નાગરિકનું મોત થયું હતું.

આ ઘટના પડોશી યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો સામે સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધન દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા હુમલા બાદ સાઉદી એરપોર્ટ, લશ્કરી માળખાગત સુવિધાઓ અને તેલ સુવિધાઓને નિશાન બનાવીને થયેલા હુમલાઓમાં અચાનક વધારો થયો છે.

જ્યારે હુથીઓએ અગાઉના એરપોર્ટ હુમલાઓની જવાબદારી સ્વીકારી હતી જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા, તેમણે તાજેતરના હુમલા પર હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી, જોકે તેઓએ યમનની રાજધાની સનામાં એરપોર્ટ પર બોમ્બમારો કરવાનો સાઉદી અરેબિયા પર આરોપ લગાવ્યો હતો.

# TRUMP-UKRAINE

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સૂચન કર્યું છે કે, યુક્રેનને એક નવા રાષ્ટ્રપતિની પસંદગી કરવી જોઈએ, જે રશિયા સાથેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે સમાધાન માટે વાટાઘાટો કરવા સક્ષમ હોય.

તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને રશિયન તેલ રિફાઇનરીઓને, ખાસ કરીને ડીઝલ ઇંધણનું ઉત્પાદન કરતી કંપનીઓને નિશાન બનાવવા સામે ચેતવણી પણ આપી હતી.

વ્હાઇટ હાઉસ સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા, શ્રી ટ્રમ્પે કહ્યું કે આવા હુમલાઓ વૈશ્વિક બજારોમાં ઇંધણ પુરવઠાને વિક્ષેપિત કરી શકે છે, જેનાથી અમેરિકના ખેડૂતો અને પશુપાલકો પર પ્રતિકૂળ અસર પડી શકે છે.

# GUJARAT-NAVRATRI

શક્તિની આરાધનાના પર્વ નવરાત્રીનો આજથી આરંભ થયો છે. નવ દિવસ ચાલનારા આ ઉત્સવમાં દેવી દુર્ગાના નવ અવતારોની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

ગુજરાતમાં નવરાત્રીની ઉજવણી આજથી ખૂબ જ ઉત્સાહ અને ભક્તિ સાથે શરૂ થઈ રહી છે. નવરાત્રીના આગમન સાથે, રાજ્યભરના શહેરો ભવ્ય રાસ અને ગરબા ઉજવણી માટે સજ્જ છે.

સાંભળીએ એક અહેવાલ.......

## V/C – NIKHIL NAVRATRI

*गुजरात में नवरात्रि का यह पर्व पारंपरिक गर्भो प्रज्वलित कर, उपवास रखकर, घटस्थापन जैसे विशेष अनुष्ठानों और पारंपरिक रास-ગરબા नृत्य के साथ उत्साहपूर्वक मनाया जाता है। शारदीय नवरात्रि के पहले दिन बनासकांठा स्थित अंबाजी मंदिर, पावागढ़ के महाकाली मंदिर और कच्छ के मंदिर सहित राज्य के प्रसिद्ध मंदिरों में श्रद्धालुओं की भारी भीड़ उमड़ रही है। त्योहारों के दौरान सुरक्षा सुनिश्चित करने के लिए गुजरात पुलिस ने राज्यभर के 22,000 से अधिक गर्भास्थलों पर कड़े प्रबंध किए हैं।*

# CRICKET

ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે ઇન્દોરમાં ત્રીજી ટી-20 મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે હોલ્કર સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

પ્રથમ T-20 મેચમાં ભારતે વેસ્ટ ઇન્ડીઝને 8 વિકેટે, જ્યારે બીજી મેચમાં વેસ્ટ ઇન્ડીઝે ભારતને છ વિકેટથી હરાવ્યું હતું, જેના કારણે પાંચ મેચની શ્રેણી 1-1થી બરાબર છે. શ્રેણીની આગામી બે મેચ 14 અને 17 ઓક્ટોબરે હૈદરાબાદ અને બેંગલુરુમાં રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મુખ્યત્વે CJP પ્રોટેસ્ટ અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, ફૂલછાબ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, દિલ્હીમાં કિલ્લેબંધીથી દેખાવો અટક્યા - જંતર મંતર સૂમસામ રહ્યું - 7 હજારની અટકાયત
- અન્ય સમાચારોમાં પાકિસ્તાનના પસનીમાં અમેરિકા પોર્ટ બનાવશે - 1200 કરોડનો ખર્ચ, ફ્લાઇ દુબઈ કેસમાં ગૃહવિભાગનો આદેશ - હાઈજેક અથવા ક્રેશ કરવાના પ્રયાસની તપાસ હવે NIA કરશે, મણીપુરમાં ઉગ્રવાદી હુમલા - મહિલા સહિત 10ના મોત, ભારતને રોકનાર ટ્રમ્પ હવે રશિયા પાસેથી ડીઝલ ખરીદશે, પનામામાં 7.7ની તીવ્રતાનો ભૂકંપ બાદ 45 આફટરશોક્સથી ફફડાટ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.